# મને કોઈ પાત્ર સાથે ન્યાય ન કરવાનો ડર લાગે છે

# રાજકુમાર રાવ

**રાજકુમાર રાવની સફર ક્યારેય અન્ય બોલિવૂડ હીરો જેવી પરંપરાગત રહી નથી. કોઈ પ્રખ્યાત અટક નહીં, કોઈ મોટું લોન્ચપેડ નહીં, ફક્ત ગુરુગ્રામનો એક છોકરો કે જે આંખોમાં સપના લઈને બોલિવૂડમાં આવ્યો. એક્ટિંગની આગવી પ્રતિભાને કારણે ફિલ્મ્સ તેની પાછળ આવતી ગઈ અને પોતાની એક્ટિંગ ક્ષમતાથી તેણે દરેક કેરેક્ટરને સર્વોચ્ચ ન્યાય આપ્યો. તેણે સ્વતંત્ર સિનેમા અને કોમર્શિયલ સિનેમા પણ કર્યું, એક્ટિંગ દ્વારા પોતાનું નામ એટલું જીવંત બનાવ્યું કે એવોર્ડ તેની પાછળ આવ્યા. હાલમાં, તે બાયોપિક આધારિત બે ફિલ્મ કરી રહ્યો છે. ઉજ્જવલ નિકમના જીવન પર આધારિત કોર્ટરૂમ ડ્રામા 'પ્રહારઃ ધ અનટોલ્ડ સ્ટોરી' અને ક્રિકેટર સૌરવ ગાંગુલીના જીવન પર આધારિત ફિલ્મ 'દાદા'. અહીં આપણી સાથે વાતચીતમાં રાજકુમાર રાવ તેની સફર વિષે અને એક સામાન્ય દેખાવને પણ વિશિષ્ટતા આપવાના તેના પ્રયાસ વિષે ખુલીને વાતચીત કરે છે.**



મેં ક્યારેય 'હીરો' શબ્દમાં વિશ્વાસ કર્યો નથી, આપણે બધા પહેલા એક્ટર છીએ, 'સ્ટાર'નો ટેગ તો ત્યાર પછી લાગે છે અને મને એ કહેવામાં ખુશી છે કે મને મારા દર્શકોએ પ્રેમ આપ્યો છે

શો-શા

**તું પોતાની શરતો પર 'સ્ટાર' બની ગયો છે એ બાબતમાં તને શું લાગે છે?**

મેં ક્યારેય 'હીરો' શબ્દમાં વિશ્વાસ કર્યો નથી. આપણે બધા પહેલા એક્ટર છીએ, 'સ્ટાર'નો ટેગ તો ત્યાર પછી લાગે છે. મને એ કહેવામાં ખુશી છે કે 'મને મારા દર્શકોએ પ્રેમ આપ્યો છે. હું તેમનો સ્ટાર છું.' હું ફક્ત એક્ટર બનવા માંગતો હતો, દર્શકોનું મનોરંજન કરવા માંગતો હતો, તેમની સાથે જોડાવા માંગતો હતો. 'ન્યુટન', 'ટ્રેપ્ડ', 'શ્રીકાંત', 'બધાઈ દો', 'લૂડો', 'સ્ત્રી', 'સ્ત્રી 2' આ બધી ખૂબ અલગ ફિલ્મો છે અને તેના કેરેક્ટરો પણ ઘણા અલગ છે. મારા માટે સંતોષકારક વાત એ હતી કે કોમર્શિયલ ફિલ્મમાં સફળતા મેળવવા માટે મારે પોતાને બદલવાની જરૂર પડી નહીં. એટલે તમે એમ કહી શકો છો કે હું પોતાની શરતો પર સ્ટાર બન્યો છું. હું પોતાને ભાગ્યશાળી ગણું છું કે હું પોતાની કારકિર્દી આ રીતે બનાવી શક્યો.

**'ન્યુટન' જેવી ફિલ્મો બાદ 'સ્ત્રી'ની સફળતા પછી શું તારી ફિલ્મ પસંદ કરવાની રીત બદલાઈ ગઈ છે?**

ચોક્કસ, સફળતા તમને ફિલ્મો પસંદ કરવાની સ્વતંત્રતા આપે છે. પહેલા, હંમેશા એવી લાગણી રહેતી હતી કે તમારે કામ કરતા રહેવું પડશે કારણ કે તમને ખબર નથી હોતી કે આગામી તક ક્યારે મળશે. આજે હું વધારે પસંદગીયુક્ત બની શકું છું. જોકે, હું કોઈ અસામાન્ય રોલને ફક્ત પસંદગીને કારણે તો ના કહીશ નહીં. જો કોઈ સારી સ્ક્રિપ્ટ, સારા નિર્માતા પાસેથી મળતી હોય કે જે મને ઉત્સાહિત પણ કરે તો હું તે ચોક્કસ કરીશ. પરંતુ, હું ફક્ત એટલા માટે ફિલ્મ કરવા નથી માંગતો કારણ કે મને લાગે છે કે મારે કામ કરવું પડશે.

**તે એવા કેરેક્ટર્સ ભજવ્યા છે કે જે સંવેદનશીલ, આદર્શવાદી, રમૂજી, ખામીયુક્ત, ભયાનક અને લાર્જર ધેન લાઈફ હોય. શું તું જાણીજોઈને લોકોની અપેક્ષા કરતાં વિરુદ્ધનું પસંદ કરે છે?**

ચોક્કસ, મજા તો એમાં જ રહેલી છે. જો મને પહેલાથી જ ખબર હોય કે હું કોઈ બાબતમાં કેવો પ્રતિભાવ આપીશ તો મને તે કરવાનો કંટાળો આવે છે. હું સતત મારી જાતને આશ્ચર્યચકિત કરવા અને પડકાર આપવા માંગું છું. તેથી જ મેં ઉજ્જવલ નિકમ જેવું કેરેક્ટર કે જે આંતરિક અને નિયંત્રિત છે, સૌરવ દાદા કે જેનું કેરેક્ટર શારીરિક ક્ષમતા ધરાવે છે અને ઉત્સાહિત છે તે કરવાનું પસંદ કર્યું. અને વળી હવે 'રફતાર', જે મેં પહેલાં ક્યારેય કર્યું નથી, મારા માટે તે નવું છે. હું મારી જાતને એવી પરિસ્થિતિમાં મૂકવા માંગું છું કે જ્યાં મારે હંમેશા કંઈક નવું કરવું પડે અને નવું શીખવું પડે.

**તે અગાઉ કહ્યું હતું કે તારે એવા કેરેક્ટરો ભજવવા છે કે જે કરવાથી તને ડર લાગે અને તને નર્વસ કરી દે. તને અત્યારે કયો ડર સતાવે છે કે જે તને 10 વર્ષ પહેલાં સતાવતો ન હતો?**

અગાઉ, એક બહારથી આવેલા એક્ટર તરીકે મારો સૌથી મોટો ડર એ હતો કે મને કામ મળશે કે નહીં. એક સમય હતો જ્યારે તમને એટલી જ આશા રાખતા હોવ કે કોઈ તમને એક તક આપે. આજે તે ડર બદલાઈ ગયો છે. હવે, મને કોઈ કેરેક્ટર સાથે ન્યાય ન કરવાનો ડર લાગે છે. ખાસ કરીને જ્યારે તમે એક વાસ્તવિક વ્યક્તિની ભૂમિકા ભજવતા હોવ ત્યારે તે એક મોટી જવાબદારી બની જાય છે કારણ કે લોકો તેમનું જીવન પહેલાથી જ જાણે છે. ઉદાહરણ તરીકે, એક આખી પેઢી સૌરવ ગાંગુલીને જોઈને મોટી થઈ છે. એટલે એ કેરેક્ટરને યોગ્ય ન્યાય આપવો મારી જવાબદારી બને છે અને આ એક સકારાત્મક નર્વસનેસ છે. ટૂંકમાં, આજે ટકી રહેવાનો ઓછો ડર સતાવે છે અને મને મળેલી તકને હું પૂરો ન્યાય આપું તે ડર વધારે રહે છે.

**શું તને સેલિબ્રિટી હોવાનું ગમે છે?**

હા ચોક્કસ. હું પણ માણસ છું. જ્યારે લોકો તમને ઓળખે છે અથવા કોઈ તમને આવીને કહે કે ફિલ્મ તેમને ખૂબ પસંદ આવી ત્યારે તે સાંભળવું સારું લાગે છે. તે એક્ટર બનવાનો સુંદર ભાગ છે. પણ, હું જાણું છું કે ખ્યાતિ આવે છે અને જાય પણ છે, પરંતુ, તમારું કામ કાયમ માટે રહે છે.

**રાજકુમાર રાવ વિષે લોકો એવી કઈ બાબત વિચારે છે જે ખોટી છે?**

લોકો મને ઊંડાણપૂર્વકની તૈયારી અને ઊંડા કેરેક્ટરો સાથે જોડે છે પરંતુ, હું ખરેખર એક સામાન્ય વ્યક્તિ છું. મને હસવું, ખાવાનું, મારા પરિવાર-મિત્રો સાથે સમય વિતાવવો, મુસાફરી કરવી એ બધું જ ગમે છે. લોકો એક્ટરને જુએ છે અને ભૂલી જાય છે કે તે એક સામાન્ય વ્યક્તિ પણ છે જે ફક્ત એ કામ કરી રહ્યો છે કે જે તેને પસંદ છે. ●




# SONAL CHAUHAN

## મોડલિંગથી એક્ટિંગ તરફનો શિફ્ટ કેમ?

**'જન્નત'ની ઝોયા કે 'મિર્ઝાપુર'ની મુમતાઝ?**
બંને મારી ફેવરિટ.
**સેટ પર સૌથી વધુ મજા કોની સાથે?**
આખી ટીમ સાથે.
**રવિ કિશન સાથે કામ કરવાનો અનુભવ?**
ખૂબ જ સરસ.
**સ્ક્રીન પર રોમાન્સ કે ઓફ-સ્ક્રીન મસ્તી?**
ઓફ-સ્ક્રીન મસ્તી.
**રિજેક્શન પછી શું કરો?**
આગળ વધું.
**ગ્લેમરસ રોલ કે ચેલેન્જિંગ રોલ?**
ચેલેન્જિંગ રોલ.
**વધુ શું ઇરિટેટ કરે?**
નેગેટિવિટી.
**મોડલિંગથી એક્ટિંગ તરફનો શિફ્ટ કેમ?**
લાઈફનો બેસ્ટ ટર્નિંગ પોઈન્ટ!
**OTT કે થિયેટર રીલીઝ?**
કન્ટેન્ટ હિટ તો પ્લેટફોર્મ ફિટ.
**લાઈફનો કરંટ મૂડ ઇન વન વર્ડ?**
અનસ્ટોપેબલ!
**ક્યારેય વાયરલ થવાની ઇચ્છા?**
કન્ટેન્ટ માટે
**ડિરેક્ટરનો 'વન મોર ટેક' સાંભળીને?**
બસ હવે કેટલા?
**એક્ટિંગ સિવાય બીજું કરવું પડે તો?**
ટ્રાવેલ શો
**શેના વગર દિવસ અધૂરો?**
મ્યુઝિક
**વેસ્ટર્ન કે ઇન્ડિયન?**
બંને. ●

# અક્ષયે કેમ છોડી? દ્રશ્યમ- 3

ફિલ્મ 'દ્રશ્યમ 3 : ધ કન્ક્લુઝન' રિલીઝ થઈ તેના થોડા સમય પહેલા જ ફિલ્મના ડિરેક્ટર અભિષેક પાઠકે આપણી સાથે શેર કર્યું કે ફિલ્મનું શૂટિંગ શરૂ થવાનું હતું તેના થોડા દિવસ પહેલા જ અક્ષયે 'દ્રશ્યમ 3'ના મેકર્સને ના પાડી દીધી હતી અને તે આ ફિલ્મમાંથી બહાર નીકળી ગયો. અક્ષયે અચાનક લીધેલા આ નિર્ણયને કારણે અભિષેક પાઠકે ગણતરીના કલાકોમાં પોતાની સ્ક્રિપ્ટ બદલી અને જયદીપ અહલાવતનું પાત્ર તેમાં ઉમેર્યું. અક્ષયે 'દ્રશ્યમ 3' છોડી છે એ વાત ડિસેમ્બર 2025માં બધાને ખબર પડી ગઈ હતી, પરંતુ તેની પાછળનું કારણ જાણવા મળ્યું ન હતું. તે સમયે એવી વાત જાણવા મળી હતી કે અક્ષયનું 'ધુરંધર'માં રહેમાન ડકૈતનું પાત્ર એટલું બધું વખણાયું કે તેની સફળતાનું અભિમાન અક્ષયમાં આવી ગયું અને તેણે પોતાની ફી વધારવા માટે 'દ્રશ્યમ 3' છોડી દીધી. પરંતુ હાલમાં જ 'દ્રશ્યમ 3'ના ડિરેક્ટર અભિષેક પાઠકે આ વાત પરથી પડદો ઉઠાવ્યો છે અને તેણે જણાવ્યું કે, "દ્રશ્યમ 3નું શૂટિંગ શરૂ થવાના 7 દિવસ પહેલા જ અક્ષયે ફિલ્મમાંથી બહાર નીકળી જવાનો નિર્ણય લીધો હતો. બધા એક્ટર્સને તારીખ અપાઈ ગઈ હતી, સેટ તૈયાર થઈ ગયો હતો અને અન્ય પ્રોડક્શન ટીમ પણ તૈયાર થઈ ગઈ હતી. તે સમયે અક્ષયે અચાનક ફિલ્મ છોડી દીધી અને મેં શૂટિંગની તારીખ લંબાવવાને બદલે સ્ક્રિપ્ટમાં જ થોડા પરિવર્તન કરી દીધા અને આ રીતે જયદીપ અહલાવતની એન્ટ્રી ફિલ્મમાં થઈ. ધુરંધર રિલીઝ થઈ અને અક્ષયે 'દ્રશ્યમ 3' ફિલ્મમાંથી નીકળી જવાનો નિર્ણય જણાવી દીધો હતો. ધુરંધરની સફળતાને કારણે અક્ષયે પોતાની ફી વધારી દીધી હતી અને તેને એમ લાગવા માંડ્યું હતું કે ધુરંધર ફિલ્મ તેના કારણે સફળ થઈ છે." બોલિવૂડમાં એવી વાત પણ ઊડતી થઈ છે કે અક્ષયને 'દ્રશ્યમ 3'માં વિગ પહેરવી હતી અને 'દ્રશ્યમ 2'માં તરુણ અહલાવતના પાત્રે કોઈ વિગ પહેરી ન હતી. 'દ્રશ્યમ 3' આગલી ફિલ્મની સિક્વલ હોવાથી પાત્રમાં આવો ફેરફાર કરી શકાય નહીં. આ મતભેદને કારણે પણ અક્ષયે 'દ્રશ્યમ 3' છોડી હોવાનું અનુમાન લગાવવામાં આવે છે. આમાંથી જે વાત સાચી હોય તે, અહીં મુદ્દો એ છે કે અક્ષયને ઘણા વર્ષો પછી બોલિવૂડમાં આટલું સારું એટેન્શન મળી રહ્યું છે, આટલી સારી ફિલ્મો અને સારા રોલ્સ મળી રહ્યા છે. તો તેણે કોઈ પણ નિર્ણય સમજી વિચારીને લેવો જોઈએ. સિનેમામાં ફિટનેસ મહત્વની હોય છે, જે 60ની ઉંમર પાર કરી ચૂકેલા એક્ટર્સમાં ફક્ત અક્ષય કુમાર પાસે જ છે અને એટલે જ આજે પણ તેની ડિમાન્ડ રહે છે. તો અક્ષય ખન્નાએ વિચારવું જોઈએ કે તે અક્ષય કુમાર નથી કે તેની જેમ ઉંમર વધવા છતાં ફિલ્મ્સ મળતી રહે. ●

લાઈમ લાઈટ



શૂટિંગ શરૂ થવાના 7 દિવસ પહેલા જ અક્ષય ખન્નાએ ફિલ્મમાંથી બહાર નીકળી જવાનો નિર્ણય લીધો હતો